PG CL પશ્ચિમ ગુજરાત વિજ કંપની લિમિટેડ PG CL

## ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર

રજી. અને કોર્પોરેટ ઓફિસ, લક્ષ્મીનગર, નાના મવા રોડ, રાજકોટ ફોન નં. (૦૨૮૧) ૨૩૮૦૪૨૫ - ૨૩૮૦૪૨૭, ફેક્સ નં. (૦૨૮૧) ૨૩૮૦૪૨૮

CIN:U40102GJ2003SGC042908 website : www.pgvcl.com ઈ–મેઈલ :– forum.pgvcl@gebmail.com

પીજીવીસીએલ/સીજીઆરએફ/૪૭/કવા–૦૪/૧૭–૧૮/ 3390(૪) તા 02-04-18

રજી. એ.ડી. પત્ર

પ્રતિ,
ખીમાણંદ એ. આંબલીયા,
ગામ: ભાટીયા
તા.કલ્યાણપુર,
જી. દેવભુમી દ્વારકા
મો: ૯૯૯૮૮ ૨૩૨૬૨

**વિષય :–સોલાર પમ્પસેટ મેળવવા બાબત**
**સંદર્ભ:– આપની અરજી , તા. ૨૭–૦૨–૧૮ (અત્રે ના ફોરમ ની નોધણી નંબર :૪૭/કવા–૦૪/૧૭–૧૮ )**

શ્રીમાન,

આપની ઉપરોકત વિષય અને સંદર્ભ મુજબની અરજી અન્વયે, અત્રેના ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર ની ફોરમ કમીટી તરફથી કરાયેલ નિર્ણય આ સાથે આપને મોકલવામાં આવે છે.

જે આપને સુવિદીત થાય. આભાર સહ.,

આપનો વિશ્વાસુ

(સી.જે.ગજેરા)
કા.વા. કન્વીનર
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ.

બિડાણ : નિર્ણયપત્ર (પાના નં. ....)

નકલ રવાના :
(૧) અધિક્ષક ઈજનેર શ્રી, પીજીવીસીએલ, વર્તુળ કચેરી જામનગર
(૨) કાર્યપાલક ઈજનેર શ્રી, પીજીવીસીએલ, વિભાગીય કચેરી, દ્વારકા
(૩) નાયબ ઈજનેર શ્રી, પીજીવીસીએલ, પેટા વિભાગીય કચેરી, કલ્યાણપુર

...સદર નિર્ણયપત્રની નકલ આપને આ સાથે મોકલવામાં આવે છે. જેની તમામ વિગતો અભ્યાસે લઈ અને નિર્ણયપત્રમાં દર્શાવેલ બાબતોની તાકીદે અમલવારી કરી અને તેનો લેખિત પ્રત્યુતરપત્ર અરજદારશ્રી તેમજ અત્રેના ફોરમને પાઠવવાનું આપને ભારપૂર્વક જણાવવામાં આવે છે.

# ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર(રાજકોટ ફોરમ)

**પીજીવીસીએલ, રજી. અને કોર્પોરેટ કચેરી,લક્ષ્મીનગર નાનામૌવા રોડ, રાજકોટ**

**CIN:U40102GJ2003SGC042908 website : www.pgvcl.com**

કેસ નં. : સીજીઆરએફ : ૪૭/કવા–૦૪/૧૭–૧૮ કમિટી મીટીંગઃ તા. ૨૭–૦૩–૧૮ સ્થળ : જામનગર

**પક્ષકાર નં.:–(૧) અરજદાર (ફરીયાદી)**

**અરજદાર (ફરીયાદી): નામઃ ખીમાણંદ એ. આંબલીયા, ગામઃ ભાટીયા**

**રજુઆત કરનારઃ અરજદાર શ્રી ખીમાણંદ એ. આંબલીયા હાજર રહેલ હતા.**

**વિરુધ્ધ**

**પક્ષકાર નં.: –(૨) પીજીવીસીએલ (સામેવાળા) :**

**પીજીવીસીએલ (કચેરી) : પેટા વિભાગીય કચેરી, ભાટીયા (કાર્યક્ષેત્ર : વિભાગીય કચેરી, દ્વારકા)**

**રજુઆત કરનાર :કે.સી.ચૌહાણ – કાર્યપાલક ઈજનેર વિભાગીય કચેરી, દ્વારકા**

## : હુકમ :

**ફરીયાદ : સોલાર પમ્પસેટ મેળવવા બાબત**

**મુદ્દા નં.–૧ : પક્ષકાર નં. –(૧) અરજદાર (ફરીયાદી) ની રજુઆત**

| | |
|---|---|
| ૧ | અરજદાર શ્રી તરફથી ફોરમ સમક્ષ ની ફરીયાદ અરજી મા, તેમજ ફોરમ કમિટી સમક્ષ રૂબરૂ ઉપસ્થિત રહી અને મૌખીક ચર્ચા ઓ દરમ્યાન, ફરીયાદ સબંધક એવી જરૂરી માહિતી રજુ કરીને, નીચે વર્ણવેલ મુદ્દાઓ મુજબ ની વિગતે, વગેરે તમામ બાબતો ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ છે. |
| ૧.૧ | અરજદાર જણાવે છે કે – તેઓના ગામઃ ભાટીયા ખાતેના સર્વે નંબરઃ ૨૬૦ પૈકી ૩ ની જમીન માં – સોલાર પમ્પસેટ ની નોંધણી માટે રૂ.૧,૦૦૦/– તા.૩૦–૦૬–૧૫ ના રોજ થી ભરપાઈ કરાયેલ છે. તેમજ તે બાબતે નુ ભાવપત્રક પણ નિયત સમયમર્યાદા મા એટલેકે તા.૨૮–૧૧–૧૫ ના રોજ થી ભરપાઈ કરાયેલ છે. તેમજ સદર બાબતે – તા.૦૪–૦૫–૧૭ અને તા.૨૬–૦૨–૧૮ ના રોજ થી પણ – ભાટીયા પેટા વિભાગીય કચેરી દ્વારા પણ લેખીત મા રજુઆત કરાયેલ છે. જેમા સબંધક પેટા વિભાગીય કચેરી તરફથી કોઈ જ કાર્યવાહી આજદિન સુધી કરાયેલ નથી. આમ, અરજદારે અત્રેના ફોરમ સમક્ષ ન્યાયિક રજુઆત કરેલ છે. |

**મુદ્દા નં.–૨ : પક્ષકાર નં. –(૨) પીજીવીસીએલ (સામેવાળા) ની રજુઆત**

| | |
|---|---|
| ૨ | પીજીવીસીએલ પક્ષકાર તરફથી ફોરમ કમિટી સમક્ષ, નીચે વર્ણવેલ વિગત મુજબ ની વિગતો, તેમજ લેખીત અહેવાલ, તેમજ મૌખીક ચર્ચા , અને ફરીયાદ સબંધક તમામ દસ્તાવેજીક પેપર્સ, તેમજ અભિપ્રાય સાથે નો ખાસ અહેવાલ, વગેરે તમામ બાબતો ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ છે. |
| ૨.૧ | • અરજદાર ની મુદ્દા નં. ૧.૧ મુજબ ની વિગતે, પીજીવીસીએલ પક્ષકાર તરફથી જણાવાયેલ કે, અરજદાર ખીમાણંદ એ. આંબલીયા દ્વારા તેઓની ખેતીવાડી ની જમીન સર્વે નંબરઃ ૨૬૦ પૈકી ૩ મા તા.૧૭–૦૯–૧૨ ના રોજ રૂ.૨૦૦/– ભરપાઈ કરી અને નોંધણી કરાવેલ – ત્યારબાદ, સૌર ઉર્જા સંચાલીત સિંચાઈ પમ્પ સેટ ઉપલબ્ધ કરાવવાની યોજના અંતર્ગત – અરજદારે નોંધણી માટે રૂ.૧,૦૦૦/– તા.૩૦–૦૬–૧૫ ના રોજ થી ભરપાઈ કરાયેલ છે. જે અન્વયે – અરજદાર ને નિયત ભાવપત્રક અપાયેલ – જે તેઓ દ્વારા તા.૨૪–૧૧–૧૫ ના રોજ રૂ.૨૪,૦૦૦/– રસીદ નંબરઃ ૧૯૦૮૮૫ થી ભરપાઈ કરેલ.<br>• મે. અવિ એપ્લાયન્સીસ પ્રા.લી. ને – વર્તુળ કચેરી જામનગર હેઠળ – ખેતીવાડી સોલાર પમ્પ સેટ ની કામગીરી સોંપાયેલ. જે અન્વયે – સદર અરજદાર નુ ખેતીવાડી સોલાર પમ્પસેટ લગાડવાની કામગીરી સદર એજન્સી દ્વારા સ્થળ પર જરૂરી કાર્યવાહી કરાતા – અરજદાર દ્વારા અગમ્ય કારણોસર ખેતીવાડી સોલાર પમ્પ સેટ લગાડવાની ના પાડેલ – જેથી, એજન્સી દ્વારા જરૂરી કાર્યવાહી કરાયેલ ન હોય – તેમજ, અરજદાર ની ફરીયાદ અન્વયે – સોલાર પમ્પ સેટ નુ જોડાણ રીલીઝ કરવા માટે – અન્ય એજન્સી ફાળવવા માટે વર્તુળ કચેરી ને પત્ર લખી ને જણાવેલ છે. જેની મંજુરી મળ્યે – સદર અરજદાર નુ કામ તાત્કાલીક ધોરણે કરી આપવામા આવશે. |

**: નિષ્કર્ષ :**

**મુદ્દા નં.–૩ :**

| | |
|---|---|
| ૩ | ફરીયાદી અરજદાર શ્રી ની, ફોરમ સમક્ષ ની મુદ્દા નં. ૧ હેઠળ ની વિગતે ની ફરીયાદ અરજી, તેમજ મૌખીક ચર્ચાઓ અને પીજીવીસીએલ પક્ષકાર તરફથી ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ મુદ્દા નં.૨ હેઠળ ની વિગતો, તેમજ લેખીત અહેવાલ, તેમજ ફરીયાદ સબંધક તમામ દસ્તાવેજીક પેપર્સ, તેમજ અભિપ્રાય સાથે નો ખાસ અહેવાલ વગેરે, બન્ને પક્ષકારો ની તમામ બાબતો, ફોરમ કમિટી તરફથી ઉંડાણપૂર્વક અભ્યાસે લેતા, સદર કેઈસ મા, ફોરમ કમિટી તરફથી નીચે મુજબ ની વિગતે નિષ્કર્ષ થયેલ છે. |

| | |
|---|---|
| ૩.૧ | • (૧) અરજદાર ની મુદદા નં. ૧.૧ મુજબ ની વિગતે પીજીવીસીએલ પક્ષકાર તરફથી ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ મુદદા ન. ૨.૧ મુજબ ની વિગતે, અરજદાર દ્વારા ગામ: ભાટીયા મા તેઓની ખેતીવાડી ની જમીન સર્વે નંબર: ૨૬૦ પૈકી ૩ મા ખેતીવાડી સોલાર પમ્પસેટ ની નોંધણી માટે રૂ.૧,૦૦૦/- તા.૩૦-૦૬-૧૫ ના રોજ થી ભરપાઈ કરાયેલ છે.<br>• (૨) મે. અવિ એપ્લાયન્સીસ પ્રા.લી. – અમદાવાદ ને પીજીવીસીએલ કંપની દ્વારા તા.૦૩-૧૨-૧૫ ના રોજ વર્ક ઓર્ડર અપાયેલ, જે અન્વયે – જામનગર વર્તુળ કચેરી ના પત્ર તા.૦૨-૦૨-૧૬ સદર અરજદાર ને સોલાર પંપ લગાડી આપવા માટે જાણકારી અપાયેલ.<br>• (૩) વર્તુળ કચેરી – જામનગર ના પત્ર તા.૧૯-૦૩-૧૬ મા જણાવ્યા મુજબ – મે. અવિ એપ્લાયન્સીસ પ્રા.લી. – અમદાવાદ ને – સદર અરજદાર નુ કામ બાકી હોય – સત્વરે વર્ક ઓર્ડર ના નિયમ અન્વયે કામગીરી કરવા જાણકારી અપાયેલ.<br>• (૪)સદર બાબતે – પીજીવીસીએલ કક્ષાએથી – સદર અરજદાર નુ કામ બાકી હોય – તે બાબતે મે. અવિ એપ્લાયન્સીસ પ્રા.લી. – અમદાવાદ ને ખુલાસો કરવા જણાવેલ – જેના અનુસંધાને – એજન્સી ના પત્ર તા.૨૧-૦૩-૧૮ મુજબ જણાવેલ કે – અરજદારે જે તે સમયે – સોલાર પમ્પસેટ લગાડવાની ના પાડેલ હતી. જેથી, કોઈ કામગીરી કરેલ નથી.<br>• (૫) વધુમા– અરજદાર ની ફરીયાદ મુજબ – સોલાર પમ્પસેટ લગાડવાની કાર્યવાહી કરાયેલ ન હોય – જે બાબતે પીજીવીસીએલ કક્ષાએથી – અરજદાર ને લેખીત મા કોઈ હકીકત થી વાકેફ કરાયેલ હોય – તેવી રજુઆત કરેલ હોય – તેમ જણાતુ નથી.<br>• (૬) ગુજરાત રાજ્ય મા – ખેડુતો ને સૌર ઉર્જા પમ્પસેટ ઉપલબ્ધ કરાવવાની યોજના ના ઠરાવ – ક્રમાંક બજટ / ૨૦૧૪ / ૧૪૪૭ / બ / તા.૧૯-૦૮-૧૫ મા નીચે મુજબ સુધારો કરાયેલ.<br>''તા.૩૧-૧૨-૧૪ ની સ્થિતીએ કૃષી વિષયક વીજ જોડાણ ની અરજી ની નોંધણી થયેલ હોય – અને ભાવપત્રક પાઠવાયેલ હોય – તેમજ જેમણે ભાવપત્રક ની રકમ ભરપાઈ કરેલ હોય – તેવા અરજદારો આ યોજના નો લાભ મેળવવા પાત્ર હોવાનુ ઠરાવેલ હતુ. તેમા – તા.૩૧-૧૨-૧૪ ને બદલે તા.૩૧-૦૭-૧૫ સુધીમા ઉપરોક્ત કાર્યવાહી પૂર્ણ થય હોય તેવા અરજદારો ને આ યોજના નો લાભ મળી શકશે – આ અગાઉ કૃષી વિષયક વીજ જોડાણ માટે નોંધાયેલ ન હોય – તેવા અરજદારો ને પણ આ યોજના નો લાભ મળી શકશે. આવા અરજદારો પાસેથી ચાલુ નાણાકીય વર્ષ ના અંત સુધીમા મળેલ અરજીઓ વિચારણામા લેવાની રહેશે. '' જે – જીયુવીએનએલ ના પરીપત્ર નંબર: જીયુવીએનએલ/ટેક/એકેએફ/સોલાર/૧૭૦૪ તા.૨૧-૦૮-૧૫ મુજબ કાર્યવાહી કરવા દરેક વીજ કંપની ને સુચના પાઠવવામા આવેલ.<br>• (૭)ઉપરોક્ત પેરા નં.- (૬) મા વર્ણવ્યા મુજબ ની વિગતો અંતર્ગત – અરજદાર તા.૩૦-૦૬-૧૫ ના રોજ સોલાર યોજના અંતર્ગત – ખેતીવાડી વીજજોડાણ મેળવવા માટે ની અરજી કરતી વખતે – તા.૧૯-૦૮-૧૫ ના ઠરાવ મુજબ સમાવિષ્ટ છે. જેથી, અરજદાર ની સદર અરજી સોલાર યોજના અંતર્ગત પીજીવીસીએલ દ્વારા વિચારણા હેઠળ લેવાની રહેશે, અને નિયમાધીન વીજ જોડાણ આપવાની કાર્યવાહી કરવાની રહેશે.<br>• (૮) આમ, ઉપરોક્ત બાબતે પીજીવીસીએલ કક્ષાએથી અરજદાર ની રજુઆત મુજબ – ખેતીવાડી સોલાર પમ્પસેટ લગાડવા બાબતે ની કાર્યવાહી કરાયેલ નથી, તેમજ તે બાબતે અરજદાર ને લેખીત મા કોઈ જાણકારી અપાયેલ નથી, જે બાબત ખૂબ જ ગંભીર હોય – યોગ્ય તપાસ કરી – કસુરવાર કર્મચારી સામે – શિક્ષાત્મક કાર્યવાહી કરવી – તેમજ સદર અરજદાર ને સત્વરે – તેઓની માંગણી મુજબ – ખેતીવાડી સોલાર પમ્પસેટ લગાડવા બાબતે ની કાર્યવાહી – કયારે પૂર્ણ કરવામા આવશે – તે બાબત ની ચોકકસ જાણકારી અરજદાર પક્ષકાર ને દિન-૧૦ મા અત્રે ના ફોરમ ની જાણકારી હેઠળ અને સોલાર એજી પમ્પસેટ ત્વરાએ મળે તે **બાબતે** પીજીવીસીએલ દ્વારા સઘન પ્રયત્ન કરવાના રહેશે. જે મુજબ નો , પીજીવીસીએલ પક્ષકાર ને આદેશ આપવા બાબતે નો, સદર કેઈસ મા ફોરમ કમિટી તરફથી નિષ્કર્ષ થયેલ છે. |

**મુદદા નં.–૪ :** **હુકમ**

| | |
|---|---|
| **૪.૧** | સદર કેઈસ મા ફોરમ કમિટી તરફથી થયેલ નિષ્કર્ષ ના મુદદા નં. ૩.૧ ના પેટા મુદદા નં. (૮) મુજબ ની વિગતે ની કાર્યવાહી કરવાનો પીજીવીસીએલ પક્ષકાર ને આદેશ આપવામા આવે છે. |

**(શ્રીમતી કે.જે.મોટાણી )**
**સ્વતંત્ર સભ્ય**
**ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ**

ગેરહાજર
**(એચ.પી.કોઠારી)**
**સભ્ય (ટેક)**
**ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ**

**(ટી.બી.ભીમાણી)**
**ચેરમેન**
**ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ**

<u>નોંધ</u> જો સદર નિણય સાથે આપ સંમંત ન હોય તો, આપ શ્રી તરફથી **સદર નિર્ણય સામે, નિર્ણયપત્ર મળ્યા પછીનાં ૩૦ દિવસની અંદર, ''નામદાર ઓમ્બુડ્સમેન (વિદ્યુત લોકપાલ), ગુજરાત વીજ નિયંત્રક આયોગની કચેરી, બ્લોક નં. ૩, પોલિટેકનીક કંપાઉન્ડ, આંબાવાડી, અમદાવાદ–૩૮૦ ૦૧૫'' સમક્ષ લેખિત અપીલ અરજી કરી શકાય છે. અપીલ અરજી જો નાણાંકીય બાબત સબંધક હોય તો, સદર રકમા ૩૩% રકમ પીજીવીસીએલમાં વાંધા સાથે ભરપાઇ કરાયેલ હોવાનો ઉલ્લેખ અપીલ અરજીમાં થવો જરૂરી છે.**